







From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • May 2021
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2021
MAY

૧ મે, ૨૦૨૧

## — The Ideal Child —
## — આદર્શ બાળક —

[ એક આદર્શ બાળક તૈયાર કરવાના ધ્યેયથી શ્રી માતાજીએ બાર મુદ્દાઓ આપણને આપ્યા છે. શ્રી માતાજી વારંવાર કહેતાં "તમે બધાં જ મારાં બાળકો છો." તો હમણાં પણ, આપણી ઉંમર ગમે તે હોય, આપણે શ્રી માતાજીનાં બાળકો જ છીએ – અને આદર્શ બાળક બનવાનું લક્ષ્ય ફરી જીવંત કરીએ: સજાગ રહી સ્વનિરીક્ષણ કરીએ, વધુ સૂક્ષ્મ નિરીક્ષણ કરતા રહીએ અને હજી શું શું સિદ્ધ કરવાનું છે એ ખ્યાલમાં રાખતા રહી, આપણી અંદર શાંતિથી કામ શરૂ કરીએ, અને કરતા રહીએ.

- સુધા સુન્દરમ્ :: ૯.૪.૨૦૨૧

To build up a child into an Ideal Child, our Mother has given us twelve Ideal Thoughts. Also, she very often used to tell us "you all are my children, yes, all of you are my children." Therefore, at present now, of whatever age we be, let us revive in us that aim of the Ideal Child and begin to do all the necessary work in ourselves of deep Self-Observation, of subtle Self-Analysis and start working to work in peace with all concentration on the road to become an Ideal Child, an Ideal Person. - Sudha Sundaram :: 9.4.2021 ]

# An Ideal Child - આદર્શ બાળક

**1. Is Good-Tempered ::** He does not become angry when things seem to go against him or decisions are not in his favour.

**2. Is Game ::** Whatever he does he does it to the best of his capacity and keeps on doing in the face of almost certain failure. He always thinks straight and acts straight.

**3. Is Truthful ::** He never fears to say the truth whatever may be the consequences.

**4. Is Patient ::** He does not get disheartened if he has to wait a long time to see the results of his efforts.

**5. Is enduring ::** He faces the inevitable difficulties and sufferings without grumbling.

**6. Is Persevering ::** He never slackens his efforts however long it has to last.

**૧. પ્રસન્ન હોય છે ::** બધું જયારે પોતાથી વિરુદ્ધમાં જતું દેખાય કે પછી ચુકાદાઓ પોતાની તરફેણમાં ન આવે ત્યારે તે ગુસ્સે થતો નથી.

**૨. ખેલદિલ હોય છે ::** એ જે કંઈ કામ કરે છે તે પોતાની સર્વ શક્તિ વાપરીને કરે છે અને પોતાને નિષ્ફળતા મળશે એમ લગભગ ચોક્કસ દેખાય તો પણ તે કામ કરતો જ રહે છે. તે હંમેશાં સીધી રીતે વિચારે છે અને સીધી રીતે વર્તે છે.

**૩. સત્યવક્તા હોય છે ::** એ સત્ય કહેતાં કદી ડરતો નથી, પછી ભલે ગમે તે પરિણામો આવે.

**૪. ધીરજવાન હોય છે ::** પોતાના પ્રયત્નોનું પરિણામ જોવા તેને ખૂબ રાહ જોવી પડે તો પણ તે ઉત્સાહ ગુમાવતો નથી.

**૫. સહનશીલ હોય છે ::** જીવનમાં જે મુશ્કેલીઓ અને દુઃખ અનિવાર્ય રીતે આવતાં હોય છે તેનો તે કશી ફરિયાદ વિના સામનો કરી લે છે.

**૬. ખંતીલો હોય છે ::** પોતાનો પ્રયત્ન તેણે ભલે ગમે તેટલો સમય ચાલુ રાખવો પડે પણ એ પ્રયત્નને તે કદી મંદ થવા દેતો નથી.

# An Ideal Child - આદર્શ બાળક

**7. Is Poised ::** He keeps equanimity in success as well as in failure.

**8. Is Courageous ::** He always goes on fighting for the final victory though he may meet with many defeats.

**9. Is Cheerful ::** He knows how to smile and keep a happy heart in all circumstances.

**10. Is Modest ::** He does not become conceited over his success, neither does he feel himself superior to his comrades.

**11. Is Generous ::** He appreciates the merits of others and is always ready to help another to succeed.

**12. Is Fair and Obedient ::** He observes the discipline and is always honest.

**- The Mother**

**૭. સ્વસ્થ હોય છે ::** સફળતામાં તેમ જ નિષ્ફળતામાં તે સમતા જાળવે છે.

**૮. હિમતવાન હોય છે ::** એને ભલે અનેક પરાજયો મળે તો પણ તે છેવટના વિજય માટે હંમેશાં લડતો જ રહે છે.

**૯. આનંદી હોય છે ::** હરેક પરિસ્થિતિમાં કેવી રીતે હસતા રહેવું અને હૃદયને પ્રસન્ન રાખવું એ તે જાણે છે.

**૧૦. વિનમ્ર હોય છે ::** પોતાના વિજય ઉપર તે ફુલાઈ જતો નથી, તેમ જ એને એમ પણ થતું નથી કે પોતાના સાથીઓ કરતાં પોતે વધારે ઉચ્ચ છે.

**૧૧. ઉદાર હોય છે ::** બીજાઓના ગુણોની તે કદર કરે છે અને અન્ય માણસને સફળ થવામાં મદદ કરવા તે સદા તૈયાર હોય છે.

**૧૨. ન્યાયી અને આજ્ઞાંકિત હોય છે ::** શિસ્તનું તે પાલન કરે છે અને હંમેશાં પ્રામાણિક હોય છે.

**- શ્રી માતાજી**